
# એક પારસી સ્વપ્નદ્રષ્ટા ઝેર્ક્સેસ દેસાઈ; જેણે ભારતના કાંડે 'નવો સમય' બાંધ્યો



ઓટીટી પર પ્રસારિત થઈ રહેલી 'મેડ ઇન ઇન્ડિયા: એ ટાઇટન સ્ટોરી'એ ફરી એકવાર ભારતના કોર્પોરેટ ઇતિહાસના એક અદભૂત પ્રકરણને ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધું છે. આ સિરીઝ ટાઇટન નામની વોચ બ્રેન્ડની રચનાની કહાની તો કહે જ છે, પરંતુ તેની પાછળ રહેલા એક અસાધારણ સ્વપ્નદ્રષ્ટા વ્યક્તિત્વ તરફ પણ આપણું ધ્યાન ખેંચે છે- ઝેર્ક્સેસ દેસાઈ. એક એવો માણસ, જેણે ઘડિયાળ બનાવવાની સાથે ભારતીય ગ્રાહકોની પસંદગી, અભિરુચિ અને અપેક્ષાઓને પણ બદલવાનું સાહસ કર્યું હતું.

ઝેર્ક્સેસ દેસાઈ પારસી હતા. તેમના વ્યક્તિત્વ જેટલું અનોખું હતું, એટલું જ અનોખું તેમનું નામ પણ હતું. કદાચ એ કારણ છે કે તેમના જીવનકાળ દરમિયાન પણ લોકો તેમના નામનો ઉચ્ચાર કરવામાં ભૂલો કરતા અને આજે પણ કરે છે. 'મેડ ઇન ઇન્ડિયા: એ ટાઇટન સ્ટોરી'માં ઝેર્ક્સેસનો રોલ ભજવનારા અભિનેતા જિમ સર્ભે આ હકીકતને એક રસપ્રદ દૃશ્યમાં હળવાશથી રજૂ કરી છે. એક પ્રસંગે તેઓ વિશ્વવિખ્યાત બ્રેન્ડની ચર્ચા કરતી વખતે 'ઝેરોક્સ' કંપનીનું નામ લે છે અને એ જ ક્ષણે પોતાની તરફ આંગળી કરે છે- જાણે લોકો તેમને 'ઝેરોક્સ' તરીકે બોલવતા હોય.

પરંતુ 'ઝેર્ક્સેસ' માત્ર એક અસામાન્ય નામ નથી; તેની પાછળ એક લાંબો ઐતિહાસિક વારસો છે. આ નામનું મૂળ પર્શિયન અને ગ્રીક સંસ્કૃતિમાં છે. તેનો અર્થ થાય છે, 'વીરોનો શાસક' અથવા 'રાજાઓનો હીરો'. ઇસુ પૂર્વે પાંચમી સદીમાં પર્શિયન સામ્રાજ્ય પર શાસન કરનાર પ્રખ્યાત રાજા ઝેર્ક્સેસ પ્રથમ સાથે આ નામ જોડાયેલું છે. વિશ્વ ઇતિહાસમાં તેનું નામ ખાસ કરીને ગ્રીસ સામેના તેના અભિયાન માટે જાણીતું છે. પોતાની રાજકીય કુશળતા અને સૈન્યશક્તિના બળે તેમણે ઈજીપ્ત અને બેબીલોનમાં થયેલા વિદ્રોહોને પણ સફળતાપૂર્વક દબાવ્યા હતા.

રસપ્રદ વાત એ છે કે સદીઓ પહેલાંના એ પર્શિયન સમ્રાટની જેમ જ આધુનિક ભારતના ઝેર્ક્સેસ દેસાઈ પણ પોતાના ક્ષેત્રમાં અસાધારણ મહત્ત્વાકાંક્ષા ધરાવતા હતા. ફરક માત્ર એટલો હતો કે તેમણે કોઈ સામ્રાજ્ય જીતવાનો પ્રયાસ નહોતો કર્યો; તેમણે ભારતીય ગ્રાહકોના મન જીતી લીધા હતા. ઘડિયાળોના વ્યવસાયમાં તેમણે જે પરિવર્તન સર્જ્યું, તે પણ એક પ્રકારની શાંત ક્રાંતિ જ હતી.

1987માં જ્યારે ભારતનાં બજારોમાં 'ટાઈટન'ની પહેલી ઘડિયાળ પહોંચી, ત્યારે ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હતી કે આ કેવળ એક નવી પ્રોડક્ટ જ નથી, પણ નવા ભારતનું આગમન પણ છે. તે વખતે ભારત હજુ લાયસન્સ-ક્વોટા રાજની પક્કડમાં હતું. દુકાનોમાં વિકલ્પ ઓછા હતા અને ઘડિયાળ ખરીદવી એ અમીરોનો શોખ હતો. એચએમટીની ઘડિયાળ મળી જાય એ પણ નસીબ હતું. ડિઝાઈન, સ્ટાઈલ, પર્સનાલિટી કે ચોઈસ જેવા શબ્દો ભારતની ઘડિયાળ બજારનો હિસ્સો નહોતા.

**ફાયરવોલ**
**રાજ ગોસ્વામી**

પરંતુ મુંબઈના જન્મેલા એક પારસી યુવક ઝેર્ક્સેસ દેસાઈને આવનારા ભારતનો સમય દેખાતો હતો. સાપુર દેસાઈ અને તેહમિના દેસાઈ નામના પારસી પરિવારમાં જન્મેલા ઝેર્ક્સેસે મુંબઈની એલ્ફિસ્ટન કોલજમાં શિક્ષા લીધા પછી ઓક્સફોર્ડમાં રાજનીતિ, દર્શન એ અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ઓક્સફોર્ડમાંમાં તેમને ખાલી ડિગ્રી જ મળી નહોતી; તેમને દુનિયાને વ્યાપક દ્રષ્ટિએ જોવાની ક્ષમતા પણ મળી હતી. ઝેર્ક્સેસ એવા દુર્લભ ભારતીય કોર્પોરેટ લીડરોમાંથી એક હતા જે એક વ્યવસાયિક નિર્ણયને પણ સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભમાં સમજતા હતા.

1961માં તેઓ ટાટા સમૂહની ટાટા એડમિનિસ્ટ્રેટિવ સર્વિસમાં સામેલ થયા હતા. તે સમયે કોઈને અંદાજ નહોતો કે આ યુવાન અધિકારી આગળ જઈને ટાટા સમૂહના સૌથી પ્રભાવશાળી સંસ્થાપકોમાંથી એક બની જશે.

ટાટામાં શરૂઆતનાં વર્ષોમાં તેમણે અનેક ભૂમિકાઓ નિભાવી હતી. મુંબઈની તાજ હોટેલનો દેશ-દુનિયામાં વિસ્તાર કરવામાં તેમનું યોગદાન રહ્યું હતું. ગોવાની ફોર્ટ અગુઆડા, ચેન્નાઈની તાજ કોરોમંડલ અને ઉદેપુરની લેક પેલેસ જેવા પ્રતિષ્ઠિત પ્રોજેક્ટ તેમના નેતૃત્વમાં વિકસિત થયા હતા. તેમણે નવી મુંબઈના વિકાસમાં પણ કામ કર્યું હતું.

**આ નામનું મૂળ પર્શિયન અને ગ્રીક સંસ્કૃતિમાં છે, તેનો અર્થ થાય છે, 'વીરોનો શાસક' અથવા 'રાજાઓનો હીરો. ઇસુ પૂર્વે પાંચમી સદીમાં પર્સિયન સામ્રાજ્ય પર શાસન કરનાર પ્રખ્યાત રાજા ઝેર્ક્સેસ પ્રથમ સાથે આ નામ જોડાયેલું છે**

તેમની રુચિ કેવળ વ્યવસાયિક સફળતા સુધી જ સીમિત નહોતી. તે અનુભવ, સૌન્દર્ય અને ગુણવત્તા પ્રત્યે અસાધારણ રીતે સંવેદનશીલ હતા. આ જ કારણોથી 'ટાઈટન' ઘડિયાળ સફળ અને લોકપ્રિય બની હતી.

સિત્તેરના દાયકામાં ઝેર્ક્સેસ ટાટા સમૂહ માટે નવી વ્યવસાયિક તકોની તલાશમાં હતા, ત્યારે તેમને એક વાત ધ્યાનમાં આવી હતી કે ભારતીય બજારમાં કાંડા ઘડિયાળની મોટી અછત છે. ત્યારે ઘડિયાળનો ઉદ્યોગ સંપૂર્ણપણે સરકારી નિયંત્રણ હતો. ગ્રાહકો સામે વિકલ્પો ઓછા હતા અને વિદેશી ઘડિયાળોની મોટા પાયે દાણચોરી થતી હતી. ત્યાં સુધી કે કોઈ બિઝનેસમેનને ઘડિયાળના ધંધામાં કસ દેખાતો નહોતો.

દેસાઈને ઘણું બધું દેખાતું હતું. તેઓ સમજતા હતા કે ભારત બદલાઈ રહ્યું છે. મધ્યમ વર્ગ આકાર લઇ રહ્યો છે. નવી આકાંક્ષાઓ જન્મી રહી છે. લોકો કેવળ ઉપયોગીતા જ નહીં, ઓળખ અને અભિવ્યક્તિ પણ ઈચ્છી રહ્યા હતા. દેસાઈને દેખાતું હતું કે ભારતીય ગ્રાહક એક દિવસ એવી જ રીતે પોતાની ઘડિયાળ પસંદ કરશે, જેવી રીતે તે કપડાં, કાર કે ઘરની પસંદગી કરે છે.

આ વિચાર ક્રાંતિકારી હતો. જે. આર.ડી. ટાટાએ ઘડિયાળ બનાવતી કંપની સ્થાપવાના પ્રસ્તાવને સમર્થન તો આપ્યું, પણ તેના માટે ન તો સરકારની અમલદારશાહી તૈયાર હતી કે ન તો પરંપરાગત ગ્રાહકો. એ સંઘર્ષ કેવો હતો એ તમે 'મેડ ઇન ઇન્ડિયા: એ ટાઇટન સ્ટોરી'માં જોયો જ છે.


દેસાઈની સફળતા એ હતી કે તેમણે ભારતીયોને પહેલીવાર એ અહેસાસ અપાવ્યો કે ઘડિયાળ કેવળ સમય બતાવતું મશીન જ નથી, તે ગ્રાહકની પર્સનાલિટીનો વિસ્તાર પણ છે. તેમની અસલી સિદ્ધિ એ નહોતી કે તેમણે ઘડિયાળો વેચી હતી, તેમની સિદ્ધિ એ હતી કે તેમણે ભારતના ગ્રાહકોની અપેક્ષાઓ બદલી હતી.

એ પછી તો તેમણે દુનિયાની સૌથી પાતળી ઘડિયાળ બનાવાનું અને 1994માં (ટાટાની 'તનિષ્ક' બ્રેન્ડ મારફતે આભુષણ ઉદ્યોગમાં પ્રવેશવાનું સાહસ પણ પૂરું કર્યું હતું. દેસાઈને પડકારો ઝીલવાનું ગમતું હતું. હોસુરમાં ટાઈટનની ફેક્ટરી સ્થાપિત કરતી વખતે તેમણે કર્મચારીઓને એક જીવંત સમુદાય બનવા માટે પ્રેરણા આપી હતી. તે મનતા હતા કે મહાન ફેક્ટરીઓ મશીનોથી નહીં, માણસોથી બને છે.

તેમની અંદર એક કલાકાર, એક અર્બન પ્લાનર, એક શિક્ષક અને એક ઉદ્યોગપતિ- બધા સાથે રહેતા હતા. 27 જૂન 2016માં બેંગલોરમાં તેમનું અવસાન થયું, ત્યારે ભારતીય ઉદ્યોગ જગતે એક કોર્પોરેટ લીડર જ ગુમાવ્યો નહોતો, તેણે એ પેઢીના એક અંતિમ સ્વપ્નદ્રષ્ટાઓમાંથી એકને ખોઈ નાખ્યો હતો, જે કંપનીઓને નફો કમાનારી સંસ્થા નહીં, સમાજને બદલવા વાળો વિચાર ગણતા હતા.

ઝેર્ક્સેસ દેસાઈએ ભારતીય લોકોના કાંડે એક બહેતરીન ઘડિયાળ જ બાંધી નહોતી, તેમણે ભારતને એક વિશ્વાસ આપ્યો હતો કે વિશ્વસ્તરીય સપનાં અહીં, આ જમીનમાં જન્મ લઇ શકે છે.

# ચાલવું: કસરત, કળા કે જોખમી ખેલ?



ચાલવાનું એ એક ઐચ્છિક ક્રિયા છે, તેની જાણ ઘણા લોકોને મોડી થતી હોય છે. પહેલાં ચાલવાનું લગભગ અનૈચ્છિક ક્રિયા જેવું હતું. જેમ માણસને છીંક ખાવા માટે ઇચ્છા કરવાની જરૂર ન પડે, તેમ ચાલવા માટે પણ અલગથી નક્કી કરવાનું ન હોય. ઘરની બહાર નીકળીએ એટલે ચાલવાનું જ હોય ને. એમાં નવાઈ શી. પછી વાહનો, ખાસ કરીને દ્વિચક્રી, એટલાં સામાન્ય બન્યાં કે તેમણે ચાલવાની જગ્યા લઈ લીધી. કેટલાક લોકોનો વાહનો વિશેનો ઉત્સાહ અને ચાલવા વિશેની નિરુત્સાહ જોતાં લાગે કે તેમનું ચાલે તો તે ઘરના એક રૂમમાંથી બીજા રૂમમાં પણ તેમનું વાહન લઈને જાય. ભોગવાદી સમૃદ્ધિનો પ્રસાર કરનારા અમેરિકા જેવા દેશોમાં એ રિવાજ શરૂ થઈ ચૂક્યો હોય તો નવાઈ નહીં.

ન ચાલવાનો મહિમા વધ્યો એટલે ચાલવાનું ઓછું થતું ગયું. પછી એ ડાઉનમાર્કેટ એટલે કે મજબૂરી અને અભાવનું પ્રતિક ગણાવા લાગ્યું. ત્યાર પછી, કાળની ચક્રગતિના નિયમ પ્રમાણે, તે જોશભેર પાછું ફર્યું અને આધુનિક જીવનશૈલી સાથે, હેલ્થ-ફીટનેસ સાથે સંકળાઈને નવેસરથી મોભો પામ્યું. પહેલાંના સમાજમાં હેજ્ઞ અને હેવ નોટ્સ (રહિતો અને સહિતો)ના ભાગ પાડવામાં આવતા હતા. પછીના સમાજમાં રસ્તે ચાલનારા અને જીમમાં ચાલનારા--એવા બે ભાગ પડવા લાગ્યા. જીમમાં જનાર ઈસમની શારીરિક તંદુરસ્તી વિશે લોકોનો જે ખ્યાલ હોય તે, પણ તેની આર્થિક તંદુરસ્તી સારી ગણાવા લાગી. અલબત્ત, શહેરોમાં અને પછી ગામોમાં પણ ચાલવાની જગ્યાના એવા વાંધા પડ્યા કે કેટલાકને શારીરિક મજબૂરીને કારણે ચાલવાની અને શહેરીકરણની મજબૂરીને કારણે જીમમાં ચાલવાની ફરજ પડી. ચાલવા માટે શહેરો-નગરોમાં બગીચા અને તેમાં ચાલવાના રસ્તા બનાવવામાં આવે છે, પણ ચાલનારા-દોડનારાની સંખ્યામાં ધીમે ધીમે થતો વધારો જોતાં આવનારાં વર્ષોમાં બગીચાના ટ્રેક પર પણ ટ્રાફિક સિગ્નલ મુકવા પડે તો નવાઈ ન લાગવી જોઈએ.

**કોઈ પણ નવા શહેરમાં સારો વિસ્તાર કે સારો બગીચો જોઈને તેમને પહેલો વિચાર એવો આવી શકે છે કે વાહ, કેટલી સરસ જગ્યા છે. સવાર-સાંજ ચાલવાની કેવી મઝા આવે**

મોટા ભાગના લોકો ચાલવાની પ્રક્રિયાને કસરત ગણે છે, કેટલાક તેને કળા ગણે છે અને થોડા માટે એ લગભગ વ્યસનના દરજ્જે પહોંચે છે. કોઈ માણસને સુખ ન પડે તો એવું કહેવાય છે કે તેને ખાવાનું પચતું નથી. જેમ કે, ફલાણા નેતાને દિવસમાં પાંચ વાર કપડાં ન બદલે તો ખાવાનું પચતું નથી. (ચેતવણી: ફલાણા નેતાનું નામ તમારા મનમાં ઓલરેડી આવી ગયું હોય તો તેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે.) એવી જ રીતે કેટલાક 'ચાલુ' અથવા 'ચાલબાજ' લોકો માટે કહી શકાય કે તે દિવસમાં ઓછામાં ઓછું એક ને શક્ય હોય તો બે વાર કચકચાવીને ચાલે નહીં, ત્યાં સુધી તેમને શબ્દાર્થમાં અને ધ્વન્યાર્થમાં પણ ખાવાનું પચતું નથી. (ચાલુ અને ચાલબાજ–એ બંને શબ્દોનો રૂઢ અર્થ નહીં, પણ આ લેખમાં અભિપ્રેત એવો વિશેષ અર્થ ગણવો) એવા લોકોને ચાલવાનું બંધાણ હોય છે. બે-ચાર દિવસ ક્યાંક જવાનું થયું ને ચાલવાનો મેળ ન પડ્યો તો તે વ્યાકુળ થઈ ઉઠે છે. જીવનમાં જાણે કંઈક ખૂટતું હોય એવું તેમને લાગે છે. કોઈ પણ નવા શહેરમાં સારો વિસ્તાર કે સારો બગીચો જોઈને તેમને પહેલો વિચાર એવો આવી શકે છે કે વાહ, કેટલી સરસ જગ્યા છે. સવાર-સાંજ ચાલવાની કેવી મઝા આવે. વ્યસનીઓ સિવાયના ઘણા લોકો કસરત માટે ચાલે છે, એટલે તેમની ચાલમાં બંધાણીનું ઝનૂન નહીં, પણ આરાધકની આરઝુ હોય છે. એવા લોકો માને છે કે નિયમિત રીતે ચાલવાથી ચાલવાના દેવતા પ્રસન્ન થશે અને તેમને મનોવાંચ્છિત ફળ (જેમ કે, વજનઘટાડો) આપશે. એટલે, ચાલવું એ તેમના માટે, ગીતાની પરિભાષામાં, નિષ્કામ કર્મ નહીં પણ સકામ કર્મ બની રહે છે. કર્મ સકામ બને એટલે અપેક્ષા બંધાય છે ને બંધાયા પછી ખડકાય છે ને અપેક્ષા ફળીભૂત ન થાય ત્યારે નિરાશા વ્યાપે છે. એવી નિરાશાને કારણે કર્મ કરવાનો, એટલે કે ચાલવાનો, માંડ ભેગો કરેલો ઉત્સાહ મરી પરવારે છે અને કોઈ નવા પ્રેરક ન મળે કે નવેસરથી પ્રેરણા આપતી કોઈ ઘટના ન બને ત્યાં સુધી તે ચાલવાના મામલે અ-કર્મી બની રહે છે. આ બંને ઉપરાંતનો એક નાનો વર્ગ ચાલવાને કળા તરીકે જુએ છે અને માણે છે. તે નથી અ-કર્મી કે નથી સ-કર્મી. કેમ કે, તે ચાલવાને કર્મ અથવા કામ ગણતા જ નથી અને તેમને ચાલવાનું વ્યસન પણ નથી. તે ચાલે ત્યારે એવી રીતે ચાલે છે, જાણે તે સ્વર્ગના બગીચામાં ચાલી રહ્યા હોય અને ન ચાલે ત્યારે એવી રીતે નથી ચાલતા, જાણે જીવન ધરીને કદી ચાલ્યા જ ન હોય.

**બોલ્યું-ચાલ્યું માફ**
**ઉર્વિશ કોઠારી**

એ ખરું કે આપણા દેશમાં ચાલવાની પ્રવૃત્તિને કળા તરીકે વિકસાવી શકાય એવાં સ્થળો બહુ ઓછાં છે. શહેરોમાં રસ્તા પર ચાલવાની અલાયદી જગ્યાઓ વડાપ્રધાનનાં ભાષણ જેવી હોય છે--તેની ખરાઈ કરવામાં ન આવે ત્યાં સુધી તે ફૂલગુલાબી લાગે. પરંતુ કોઈ ફૂટપાથ પર ચાલવાની હિંમત કરી જુએ તો તેને ખ્યાલ આવે કે ચાલવું એ કળા તો દૂરની વાત છે, હકીકતમાં જીવ બચાવવાની પ્રાથમિકતા ધરાવતો જોખમી ખેલ છે.

ચાલતાં ચાલતાં ઘરે જતો માણસ હર ઘડી એવું અનુભવે છે કે હેમખેમ પહોંચી જવાય એટલે ગંગા નાહ્યા. એ તબક્કે ચાલવા માટે કળા ખાતર કળા કે જીવન ખાતર કળાનો સંઘર્ષ સામે આવીને ઊભો રહે છે, જેનો બધાને સંતોષ થાય એવો નીવેડો હજુ સુધી આવ્યો નથી.

## ઈશિતાનું અલકમલક

### ચુંબનચોર મચાવે શોર!

આ 'ઈશિતા' જો ન ભૂલતી હોય તો વર્ષો પહેલાં એક નાટક રજૂ થયેલું, જેનું નામ હતું: 'ચુંબનચોર મચાવે શોર'.આ ગુજરાતી-પારસી રોમેન્ટિક કોમેડીએ એ જમાનામાં તખ્તા પર તરખાટ મચાવ્યો હતો. એ વાત તો તખ્તાને લગતી હતી,પણ થોડાં વર્ષ પહેલાં પેરિસના ટ્રાફિક જામમાં આવો જ સાચુકલો તરખાટ મચ્યો હતો. ત્યાર એક વ્યક્તિ અચાનક પ્રગટીને રસ્તે જતી કોઈ યુવતી કે સ્ત્રીને ચીલઝડપે તસતસતું ચુંબન કરીને નાસી જતી. એનો શિકાર બનતી યુવતી અવાક થઈ જતી. ભરબજારે આવા કિસના કિસ્સા વધવા માંડ્યા. પછી ગમે ત્યારે ત્રાટક્તા પેલા 'સિરિયલ કિસર' એટલે કે ચુંબનચોરને ઝડપી લેવા પેરિસ પોલીસે જાળ બીછાવી. લેડી પોલીસને સાદી યુવતી કે મહિલાના શ્વાંગમાં રસ્તા પર ફરતી રાખી. આમ છતાં, આવી ગોઠવી રાખેલી બે-ત્રણ લેડી પોલીસને પણ પેલો ચુંબનચોર કિસ કરીને પલાયન થઈ ગયો! આખરે પોલીસની ધીરજ ફળીને એની 'હની ટ્રેપ'માં એક યુવાન કિસ કરતાં ઝડપાઈ ગયો. એની ઊલટ તપાસ લીધી ત્યારે પોલીસ ચોંકી ગઈ, કારણ કે રસ્તે જતી યુવતીને આ રીતે છેડતો ચુંબનચોર હકીકતમાં કામવાસનાથી પીડાતો ૬૦ વર્ષી વૃધ્ધ હતો, જે યુવાનના વેશપલટામાં સર્જીકલ સ્ટ્રાઈક સ્ટાઈલમાં ચુંબન કરી ચીલઝડપે છટકી જતો! એ ઘટના હમણાં એટલા માટે યાદ આવી કે આ જ પ્રકારના એક ચુંબનચોર પાછળ મુંબઈ પોલીસ પડી પછી કેવી જહેનત અને સૂઝથી એને ઝડપી લીધો એની વાત ખરેખર કોઈ જાસૂસ કથાથી ઓછી રોચક નથી થોડા દિવસ પહેલાં મુંબઈ-અંધેરી લોકલ ટ્રેન સ્ટેશન નજીકની એક બેન્કના એક એ.ટી.એમ. બુથમાં એક મહિલા મોડી સાંજે કેશ કઢાવવા ગઈ. એ રોકડ લેતી હતી ત્યાં પાછળથી કોઈ યુવક આવ્યો. એને આશ્લેષમાં લીધી-ચુંબન કર્યું. પેલી મહિલા સ્તબ્ધ થઈ ગઈ. એ હજુ પ્રતિકાર કરે એ પહેલાં એના હાથમાં જે રકમ હતી એ ઝૂંટવીને પેલો ભાગ્યો..મહિલાને કોઈ મદદ કરી શકે એવું કોઈ હતું નહીં. મહિલાએ તાત્કાલિક પોલીસ ફરિયાદ કરી. ટીવીવાળાની ભાષામાં વાત કરીએ તો પોલીસ તરત જ 'હરક્ત'માં આવી. ઘટના બની તે તેમજ એની અરધી કલાક પહેલાંનાં એ.ટી. એમ. ક્લોઝડ સર્કિટ ટીવીનાં દ્રશ્યો ચેક કર્યાં. ઘટના બની એ વખતે જે યુવક દેખાયો એની નોંધ રાખીને ઘટના પછી નજીકના અંધેરી સ્ટેશનથી આગળ-પાછળ ગયેલી બધી જ ટ્રેન જે જે રેલ્વે સ્ટેશને થોભતી હતી એ દરેક સ્ટેશનના વીડિયો ફૂટેજ પોલીસે ચેક કર્યા, જેમાં એટલો ખ્યાલ આવ્યો કે એ.ટી.એમ. બુથમાં દેખાયેલો યુવક ટ્રેન બદલતો બદલતો એ રાતે છેલ્લે નાલાસોપારા પરાના સ્ટેશન ઉતર્યો હતો. એનો અર્થ એ થયો કે એ ત્યાં જ ક્યાંક રહેતો હશે. હવે ઘટના બની એ પહેલાં બુથમાંથી જેમણે જેમણે રકમ કાઢી હોય એવા લોકોની બધી વિગત પોલીસે જે બેન્કનું બુથ હતું. તેની પાસેથી મેળવી એમાં પેલા નાલાસોપારાવાળા શંકાસ્પદ યુવાનનો ફોન નંબર તેમજ ઘરનું સરનામું મળ્યું હવે ઘટના વખતે એ ક્યાં હતો એની સાબિતી એના મોબાઈલ રેકોર્ડ્સ પરથી મળી. લૂંટની ઘટના બની એ સ્થળ અને સમય પેલો યુવક ઘટનાસ્થળે હાજર હતો એની ચાડી એના મોબાઈલ લોકેસનના રેકોર્ડસે ખાધી! ઉમેરવાની જરૂર નથી કે પેલા ચુંબન વત્તા રોકડચોર યુવકે ગુનો કબૂલી લીધો અહીં વિશેષ નોંધવા જેવી વાત એ છે કે આ કિસ- તફડંચીનો સમગ્ર કેસ મુંબઈની ચબરાક પોલીસે માત્ર ૨૪ કલાકની અંદર જ ઉકેલી આપ્યો હતો!




### ઓહહહહો ... આટલી બધી 'સેકસી'મનરો?'

કોઈ પણ ખ્યાતનામ વ્યકતિની જન્મજયંતી કે શતાબ્દી જેવો અવસર હોય ત્યારે ઘણા દેશમાં એની ઉજવણી આગવી રીતે થાય. પેલી જાણીતી વ્યક્તિ જેવા જ લુક-એ-લાઈક્સ-અદલોદલ દેખાવાની જાહેર સ્પર્ધા યોજાય અથવા તો આવી અદલોદલ વ્યક્તિઓ સમૂહમાં એકઠી થાય ઉત્સાહભેર અવસર ઉજવે. પોતાના દેખાવ અને ચેષ્ટાને લીધે જગવિખ્યાત બનેલા અદાકાર -કોમેડ્યિન ચાર્લી ચેપ્લિન જેવા દેખાતા હજારો પ્રશંસકો દર વર્ષે વિશ્વભરમાં એકઠા થઈને ચાર્લીને યાદ કરે છે. આવી જ એક ઉજવણી હમણાં થઈ. હોલિવૂડની સુપર સેક્સી સ્ટાર મેરિલીન મનરોની એક આકર્ષક આદમકદ પ્રિતમાસ્પ્રીંગફિલ્ડ - કેલિફોર્નિયામાં છે. આ વિખ્યાત પ્રિતમા પાસે તાજેતરમાં મનરોની ૧૦૦ મી બર્થ-ડે પર મનરોના પેલા હવામાં ઊંચકાતાં-ઊડતાં ફ્રેમશ ફ્રોકમાં એના જેવી જ લાલ ચટ્ટક લિપસ્ટિક અને બ્લોન્ડ કર્લી હેરકટની વીગમાં ૧૦૩૭ જેટલી લુક-એ-લાઈકસ 'મેરિલીન મનરો' એકઠી થઈ હતી. એમાં માત્ર યુવતીઓ જ નહીં, ઘણા યુવાનો પણ મનરોનાં સ્વાંગમાં હતા!



### લા-જવાબ કળાકૃતિની અદલોદલ નકલ

જન્માષ્ટમીનો તહેવાર આપણે સપ્ટેમ્બર મહિનામાં ઉજવીએ છીએ. આમ છતાં તાજેતરમાં માતા યશોદા અને બાળકૃષ્ણના સમાચાર ચોતરફ ગાજેલા. કારણ એ જ કે વિખ્યાત ચિત્રકાર રાજ રવિ વર્મા દ્વારા સર્જાયેલું એક ચિત્ર વિક્રમસર્જક રૂપિયા ૧૬૭ કરોડમાં વેચાયું. આમ તો આવી જાણીતી કળાકૃતિઓ કે શિલ્પ આવા અધધધ કિંમતે વેંચાય ત્યારે આંતરરાસ્ટ્રીય માર્કેટમાં અની ચર્ચા થાય એ સ્વાભવિક છે. આ માંથી કેટલાકની અજાણી વાત બહાર આવે ત્યારે એ ઘણી રસપ્રદ બની જતી હોય છે, જેમ કે પંકાયેલા ફ્રેન્ચ શિલ્પકાર અગસ્ટે રોડિન દ્વારા સર્જાયેલું કાંસ્ય-પીતળનું શિલ્પ 'ધ થિંકર'ની તમે અનેક તસવીરો જોઈ હશે. એના વિશે ઘણું વાંચ્યું પણ હશે. ગંભીર વિચારમાં મગ્ન એવા એક પુરુષનું આ જગવિખ્યાત ૬ ફૂટનું મૂળ બ્રોન્જ શિલ્પ છેક ૧૮૮૦માં સર્જાયું હતું, છતાં આજનીતારીખે પણ એની ખ્યાતિ એક બેનમૂન શિલ્પકૃતિ તરીકે થાય છે. મજાની વાત એ છે કે આ યાદગાર શિલ્પની અલગ અલગ ધાતુ-વજનમાં ૨૭થી વધુ આવૃતિ કંડારવામાં આવી હતી. મૂળ ઉત્કૃષ્ટ શિલ્પને જેમાંથી આકાર આપવામાં આવ્યો એનું એક કાસ્ટિંગ-ઢલાઈનું થોડા સમય પહેલાં પેરિસમાં લિલામ થયું. ત્યારે એના ૧૧.૧૪ મિલિયન ડોલર( આશરે ૯ કરોડ રુપિયા ) ઉપજ્યા. આ પહેલાં પણ ૨૦૧૩માં આ જ શિલ્પનું આવું જ એક અધિકૃત કાસ્ટિંગ ન્યૂયોર્ક ઓકસનમાં ૧૬ મિલિયન ડોલરમાં વેંચાયું હતું! કહે છેને કે કોઈ કૃતિની અદલોદલ કોપી-નકલ કરવી એ પણ એકજાતની પ્રશંસા જ છે!



### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» જાણીતા નાટક-ફિલ્મ અદાકર મેહુલ બૂચ લિખિત - અભિનિત અને રાજેન્દ્ર વ્યાસ નિર્દેશિત એક ગુજરાતી ફિલ્મ : જિંદગી 'હજી બાકી છે દોસ્ત' ટૂંક સમયમાં પરદા પર આવી રહી છે. અહીં બાપ અને યુવાન દીકરા વચ્ચેના સંઘર્ષની કથા છે. ઘર છોડી અનેક મા-બાપે વૃદ્ધાશ્રમમાં જવું પડે ત્યારે જિંદગીના ઉત્તરાર્ધમાં કફોડી પરિસ્થિતિ સરજાતી હોય છે અને આ સમસ્યા આજે આપણા સમાજમાં દિન વધુને વધુ વિષમ બની રહી છે એ વાત આ ફિલ્મમાં દર્શાવામાં આવી છે. તાજેતરમાં 'હેલ્પએજ ઈન્ડિયા' દ્વારા એક રાષ્ટ્રીય સર્વે મુજબ આજે દેશના ૮૨ % વૃદ્ધો પોતાના પરિવાર સાથે રહે છે ખરા, પણ એમાંથી ૩૫-૪૦ % વૃદ્ધો પોતાના જ પુત્રો દ્વારા પીડિત છે અને બીજા ક્રમે પીડિત છે પરિવારની પુત્રવધૂ પરિવારિક સંબંધોમાં થઈ રહેલો આ બદલાવ બહુ ચિતાંજનક છે એમ દેશના અગ્રણી સમાજશાસ્ત્રીઓ કહી રહ્યા છે.

» આમ તો મહિલા ક્રિકેટર સ્મૃતિ માન્ધનાનો માનીતો ખેલાડી વીરેન્દ્ર સહવાગ છે, પરંતુ જે રીતે એ રેકોર્ડસ સર્જી રહી છે એને લીધે એ 'લેડી વિરાટ કોહલી' તરીકે વધુ જાણીતી છે. તાજેતરમાં લેડી વિક્રમવીર સ્મૃતિએ T20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૬૦૦ બાઉન્ડ્રી ( ફોર) ફટકારનાર જગતની પહેલી ક્રિકેટર બનીને એક નવો જ વિક્રમ સર્જ્યો છે!

### ઈશિતાની એલચી

**વરસાદમાં પલળેલા ચહેરા ઉપરથી આંસુ શોધી કાઢે એ મિત્ર!!**